## ભારતનો શ્રીલંકા સામે શ્રેણી વિજય

- ભારતીય ક્રિકેટ ટીમે શ્રીલંકાના પ્રવાસ દરમિયાન શ્રીલંકાને **5-0** થી પરાજય આપી વ્હાઈટવોશ કર્યો છે.
- શ્રીલંકન ધરતી પર શ્રીલંકાને વ્હાઈટવોશ કરનાર ભારત વિશ્વની પ્રથમ ટીમ બની.
- આ સિરીઝમાં અમદાવાદનો જસપ્રિત બુમરાહ પ્લેયર ઓફ ધ સિરીઝ જાહેર થયો.

## મા નર્મદા મહોત્સવ યાત્રા

- **6 સપ્ટેમ્બર,2017 થી 15 સપ્ટેમ્બર,2017**
- મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે સુરેન્દ્રનગર ખાતેથી મા નર્મદા મહોત્સવ યાત્રાનો પ્રારંભ કરાવવામાં આવ્યો હતો.
- નર્મદા યાત્રાના **84** રથ, **24** જિલ્લા, **7** શહેરો અને **7200**થી વધુ ગામોમાં યાત્રા કરશે.

## લખનઉ મેટ્રો ટ્રેન

- ઉત્તરપ્રદેશના લખનઉ ખાતે કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી રાજનાથસિંહ અને ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી શ્રી યોગી આદિત્યનાથે લીલી ઝંડી આપી. હાલના ગૃહ મંત્રી નિર્મલા સીતારામન.
- લખનઉમાં આ મેટ્રો ટ્રેન ટ્રાન્સપોર્ટ નગરથી ચારબાગ વચ્ચે **8.5** કિમીના ટ્રેક પર **8** સ્ટેશન વચ્ચે દોડશે.

## શિકાગો પ્રવચનના 125 વર્ષ

- **11** સપ્ટેમ્બર,**2017**ના રોજ પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીના શતાબ્દી વર્ષ અને શ્રી સ્વામી વિવેકાનંદના શિકાગો પ્રવચનના **125** વર્ષની ઉજવણી નિમિત્તે વડાપ્રધાન મોદીએ નવી દિલ્હીના 'નેશનલ ઈન્ફોર્મેટીક્સ સેન્ટર' ખાતેથી આ પ્રવચનનું વેબકાસ્ટીંગ દ્વારા દેશભરથી યુનિવર્સિટી અને કોલેજોના વિદ્યાર્થીઓને વેબકાસ્ટીંગ દ્વારા સંબોધન કર્યુ હતું.
- આ પ્રવચનની થીમ 'યંગ ઈન્ડિયા ન્યુ ઈન્ડિયા- અ રીસર્જન્ટ નેશન : ફ્રોમ સંકલ્પ ટુ સિદ્ધિ' હતી.
- આ સમારોહમાં વિદ્યાર્થીઓએ **2022** સુધીમાં 'ન્યુ ઈન્ડિયા'નું સર્જન કરવાનો સંકલ્પ લીધો હતો.

## મોદી વીથ શિન્ઝો આબે ફોર બૂલેટ ટ્રેન

- ભારતના પ્રવાસે આવેલા જાપાનના વડાપ્રધાન શ્રી શિન્ઝો આબે અને ભારતના વડાપ્રધાન મોદી વચ્ચે ગાંધીનગરના મહાત્મા મંદિરમાં કુલ **15** કરારો પર હસ્તાક્ષર થયા.
- જેમાં ભારતનાં **5** મોટા પ્રોજેકટને જાપાન દ્વારા સોફ્ટ લોન આપવામાં આવશે.
- વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ શિન્ઝો આબેને પોતાનું 'મન કી બાત' પુસ્તક ભેટ આપ્યું.
- અમદાવાદના સાબરમતી રેલવે સ્ટેશન પાસેના રેલવે સ્ટેડિયમ ખાતે ભારતના વડાપ્રધાન શ્રી મોદી અને જાપાનના વડાપ્રધાન શ્રી શિન્ઝો આબે દ્વારા મુંબઈ-અમદાવાદ હાઈ સ્પીડ રેલ પરિયોજનાનું ભૂમિપૂજન કર્યું.
- આ ટ્રેન અમદાવાદના સાબરમતી સ્ટેશનથી મુંબઈના બાંદ્રા કુર્લા ટર્મિનલ સુધી દોડશે. કુલ અંતર **508 km** છે.ટ્રેનની ઝડપ **320 to 350 km/h** હશે.આ ટ્રેન **12** સ્ટેશન પરથી પસાર થશે.
- આ માટે જાપાન તરફથી રૂ.**88,087** કરોડ રૂપિયાની લોન **0.1** ટકાના દરે વ્યાજે મળશે. કુલ ખર્ચ **1.10** લાખ છે.
- આ ટ્રેનની પ્રથમ ટ્રીપનો પ્રારંભ **15** ઓગસ્ટ,**2022** થી કરવાનું આયોજન છે.
- બુલેટ ટ્રેન ટ્રેનિંગ સેન્ટર કે જે વડોદરાના લાલબાગ ખાતે આવેલ એન.એ.આઈ.આર.( નેશનલ એકેડમી ઓફ ઈન્ડિયન રેલવે) માં અંદાજે રૂ.600 કરોડના ખર્ચે બનનાર છે જેનું ખાતમુહૂર્ત વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ કર્યુ હતું.વર્ષ 2022 સુધીમા6 આ ટ્રનિંગ સેન્ટરનું કામ પૂર્ણ થશે.**4000** કર્મચારીને તેમાં ત્રણ વર્ષ માટે તાલીમ આપવામાં આવશે.

- જાપાનના ફર્સ્ટ લેડી શ્રીમતી એકી આબેએ ગુજરાત યુનિવર્સિટીની મુલાકાત દરમિયાન થયેલી સંમતિ મુજબ જાપાનના સહયોગથી ગુજરાત યુનિવર્સિટીમાં 'ટેકનોલોજી એન્ડ હેરીટેજ પ્રિઝર્વેશન સેન્ટર' શરૂ કરવામાં આવશે.




## સૌની યોજના

- ગુજરાતના પ્રવાસે આવેલા ભારતના રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે જસદણ નજીક સૌની યોજના લિંક-4ના બીજા તબક્કાના રૂપિયા 1068.63 કરોડના કામોનું ઈ-તકતી દ્વારા ખાતમુહૂર્ત કર્યું.
- **સૌની(SAUNI) :સૌરાષ્ટ્ર નર્મદા અવતરણ ઈરીગેજન**

## યુએસ ઓપન 2017

- ઓગસ્ટ- સપ્ટેમ્બર 2017 દરમિયાન અમેરીકાના ન્યૂયોર્ક ખાતે યુએસ ઓપન ટેનિસ ટુર્નામેન્ટ 2017નું આયોજન
- યુએસ ઓપન દર વર્ષે વર્ષના અંતે રમાતી ચોથી અને અંતિમ ગ્રાન્ડ સ્લેમ ટુર્નામેન્ટ છે.

| ઈવેન્ટ | વિજેતા | કોને હરાવીને |
|---|---|---|
| મેન્સ સિંગલ્સ | રાફેલ નડાલ(સ્પેન) | કેવિન એન્ડરસન(સાઉથ આફ્રિકા) |
| વિમેન્સ સિંગલ્સ | સ્લોઅન સ્ટીફન (અમેરીકા) | મેડિસન કીઝ(અમેરીકા) |
| મેન્સ ડબલ્સ | જીન-જુલિયન રોજર(નેધરલેન્ડ) | ફેલિસિયાનો લોપેઝ (સ્પેન) |
| | હોરિયા ટેકાઉ(રોમાનિયા) | માર્ક લોપેઝ (સ્પેન) |
| વિમેન્સ ડબલ્સ | ચાન યુંગ-જાન (તાઈવાન) | લ્યુસી હાર્ડેકા(ચેક રિપબ્લિક) |
| | માર્ટિના હિંગીસ(સ્વિત્ઝર્લેન્ડ) | કેટરીના સિનિકોવા (ચેક રિપબ્લિક) |

## ONE LINER

- ઉત્તર કોરિયા દ્વારા હાઈડ્રોજન બોમ્બના સફળ પરીક્ષણનો દાવો, ત્યાંનો સરમુખત્યાર શાસકનું નામ કિમ જોંગ ઉન
- શ્રીમતી ગૌરી લંકેશ કે જે બેંગાલુરુથી કન્નડ ભાષાના પત્રકાર હતા તેની હત્યા કરવામાં આવી.
- કેરેબિયન ટાપુઓ અને ક્યુબા સહિત પૂર્વ અમેરીકાના ફ્લોરિડા સ્ટેટ પર ઈરમા નામના ચક્રવાતે(હરીકેને) તારાજી સર્જી હતી.આ ચક્રવાત ઉદભવ એટલાન્ટિક મહાસાગરમાં થયો હતો. અમેરીકામાં ચક્રવાતને હરિકેને તરીકે ઓળખવામાં આવે છે.
- કેન્દ્ર સરકારે કેન્દ્રીય કર્મચારીના મોંઘવારી ભથ્થામાં 1 ટકાનો વધારો કરતાં ભથ્થું 4 ટકાથી વધીને 5 ટકા થયું.
- સિંગાપોરના પ્રથમ મહિલા રાષ્ટ્રપતિ શ્રીમતી હલીમા યાકુબ.
- કેન્દ્ર સરકાર દ્વારા છેલ્લા ત્રણ વર્ષમાં જનધન યોજના અંતર્ગત ૩૦ કરોડ પરિવારોનાં બેન્ક ખાતા ખોલવામાં આવ્યા.
- અમરનાથયાત્રાળુઓને લઈ જતી બસ પર આતંકી હુમલો કરનાર લશ્કર-એ-તોયબાનો કમાન્ડર અબુ ઈસ્માઈલ ઠાર મરાયો છે
- ગુજરાતના અમદાવદ ખાતે ૩૦મો ટેબલ ટેનિસ એશિયા કપનું આયોજન થયુ હતું.જેમાં 12 દેશના ૩૨ ખેલાડીઓએ ભાગ લીધો હતો.
- 11 સપ્ટેમ્બર રાષ્ટ્રીય દેશભકિત દિન    14 સપ્ટેમ્બર રાષ્ટ્રીય હિન્દી દિવસ, રાષ્ટ્રીય અંધજન દિવસ

Lakshya Career Academy